# પાંચ સુગર ફેક્ટરીની ચૂંટણી યોજવા કલેક્ટરને દરખાસ્ત

**બોર્ડની** મુદત પૂર્ણ થયા પછી ચૂંટણી નહીં યોજાતા દર્શન નાયકે ખાંડ નિયામકને ફરિયાદ કરી હતી

સુરતઃ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ(સુગર), સુરત દ્વારા આખરે સુરત જિલ્લાની 5 સુગર ફેક્ટરીઓની ચૂંટણી યોજવા અંગેની દરખાસ્ત જિલ્લા કલેક્ટરને કરવામાં આવી છે. સુગર ફેક્ટરીઓના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મુદત વીતવા આવી છતાં ચૂંટણી યોજવા કોઈ કાર્યવાહી નહીં થતા દર્શન નાયકે ખાંડ નિયામક,કલેક્ટર અને રજીસ્ટ્રારને ફરિયાદ કરી હતી.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ(સુગર), સુરત દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, સુરત જિલ્લાની સાયણ, ચલથાણ, મઢી, કામરેજ અને બારડોલી સુગર ફેક્ટરીઓની ચૂંટણી અંગેની દરખાસ્ત સુગર ફેક્ટરીઓના એમડી તરફથી મળી છે. જેથી અહીં ચૂંટણી યોજવાની દરખાસ્ત કેલેક્ટરને મોકલી દેવામાં આવી છે. હવે જિલ્લા કલેક્ટર પાંચે સુગર ફેક્ટરીઓની ચૂંટણી પ્રક્રિયા માટે ચૂંટણી અધિકારીઓની નિયુક્તિ કરશે.

જિલ્લા રજિસ્ટ્રાર એ કલેક્ટરને કરેલી દરખાસ્તમાં જણાવ્યું છે કે, ખાંડ નિયામક ગાંધીનગર તરફથી મળેલા પત્રમાં મઢી સુગરના ચૂંટણી અંગે માર્ગદર્શન મળ્યું છે. જેમાં જણાવ્યા મુજબ ખાંડ સહકારી મંડળીઓની ચૂંટણી માટે મંડળીના મંજૂર થયેલા પેટાનિયમ અને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની સંબંધિત જોગવાઈઓ અને તે હેઠળના નિયમો-૧૯૬૫, રાજ્ય સરકારશ્રી દ્વારા ખાંડ સહકારી મંડળીઓને ગુજરાત સહકારી મંડળીઓ (સુધારા) અધિનિયમ ૨૦૧૯ થી અધિનિયમની કલમ-૭૪(સી) ની પેટા કલમ-(૧) ના ક્લોઝ(૫) માંથી રદ કરવામાં આવેલ. જે અન્વયે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ગાંધીનગરના તા.૦૫/૦૯/૨૦૧૯ ના જાહેરનામાંથી ગુજરાત સહકારી મંડળીઓ(સુધારા) અધિનિયમ ૨૦૧૯ (ગુજ ૧૩ ઓફ ૨૦૧૯) તા.૦૫/૦૯/૨૦૧૯ થી અમલી થયેલ. જેની સામે હાઇકોર્ટમાં SCA નં. ૫૩૦૧/૨૦૨૦ અને અન્ય મેટરો દાખલ થયેલ અને નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા.૨૭/૦૮/૨૦૨૧ના જજમેન્ટથી ગુજરાત સહકારી મંડળીઓ(સુધારા) અધિનિયમ-૨૦૧૯ (ગુજ ૧૩ ઓફ ૨૦૧૯) ને 'અલ્ટ્રા વાયરસ' જાહેર કર્યા છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૭૪(સી) અને કલમ ૧૪૫-(એ) *ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો ૧૯૮૨ હેઠળ ચૂંટણી યોજવા અંગેની કાર્યવાહી અર્થે દરખાસ્ત મોકલવામાં આવી છે.

# સુરત જિલ્લાના ખેડૂતોને 52 કરોડની સહાય મળશે

**31 હજાર** હેક્ટરથી વધુ જમીનના પાકને નુકસાન

**25 હજારથી** વધુ ખેડૂતોની સહાય સીધી બેંક ખાતામાં જમા થશે

**આ પાકને નુકસાન**

ડાંગર- ચણા- તુવેર
શિયાળાના શાકભાજી

સુરતઃ દિવાળી સુધી ચાલુ રહેલા માવઠાના કારણે સમગ્ર રાજ્યમાં ઉનાળા પછી હવે શિયાળા પાકને પણ ભારે નુકસાન થયું છે. સતત વરસતા વરસાદે ખાસ કરીને સુરત સહિત દક્ષિણ ગુજરાતના અનેક તાલુકાઓમાં ખેતીને મોટો ફટકો પહોંચાડ્યો હતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક સર્વે હાથ ધરવા સૂચના અપાઈ હતી.

જિલ્લા ખેતીવાડી વિભાગે ઝડપભેર સર્વે કાર્યવાહી પૂર્ણ કરી રિપોર્ટ રાજ્ય સરકારને સુપરત કર્યો છે. સર્વે અનુસાર સુરત જિલ્લામાં કુલ 25 હજારથી વધુ ખેડૂતોના પાકને નુકસાન થયું છે, જ્યારે કુલ 31 હજારથી વધારે હેક્ટર જમીન અસરગ્રસ્ત ગણાઈ છે. આ રિપોર્ટના આધારે રાજ્ય સરકારે અસરગ્રસ્ત ખેડૂતોને સહાય ચૂકવવાનો નિર્ણય લીધો છે. સુરત જિલ્લાના ખેડૂતોને કુલ રૂ. 52 કરોડની સહાય ફાળવવામાં આવશે. જિલ્લા પ્રશાસન દ્વારા જણાવ્યું છે કે સહાય રકમ સીધા ખેડૂતોના બેંક ખાતામાં જમા કરાવવામાં આવશે.

ખેતીવાડી વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે સતત વરસેલા માવઠાના કારણે ડાંગર, ચણા, તુવેર, અને શિયાળાના શાકભાજી જેવા પાકોને ખાસ કરીને મોટું નુકસાન થયું છે. ઘણા વિસ્તારોમાં જમીન ભીંજાઈ જવાથી નવા પાકના વાવેતરમાં પણ વિલંબ થવાની શક્યતા છે. રાજ્ય સરકારના આ તાત્કાલિક સર્વે અને સહાયની પ્રક્રિયા ખેડૂતો માટે રાહતરૂપ સાબિત થશે તેવી અપેક્ષા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત જિલ્લાના નુકસાનની સરવે કામગીરીમાં નાયબ મુખ્યમંત્રી જાતે ગયા હતા. ત્યારબાદ જે ખેડૂતોની જમીનનો સરવે નથી થયો તેને પણ સહાય આપવાનું નક્કી કરાયું હતું.

# UCC કમિટી બનાવવાનો નિર્ણય હાઈકોર્ટમાં પડકારાયો

**સરકારે** કમિટી આર્ટીકલ 162 હેઠળ સત્તાની રૂએ બનાવેલી હોવાથી કોર્ટ તે કમિટીને રદ કરી શકે નહીં, હાઇકોર્ટની સિંગલ બેન્ચના આ ચુકાદાને પડકારાયો

**ફરિયાદ** પક્ષની દલીલ કમિટીમાં જે મેમ્બરો સરકાર દ્વારા મૂકવામાં આવ્યા છે, તે પણ સરકારના જ માણસો છે, કોઈપણ સભ્ય ક્રિશ્ચન, બૌધ્ધ, જૈન, શીખ કે મુસ્લિમ નથી

સુરતઃ રાજ્ય સરકાર દ્વારા યુસીસી કમિટી બનાવવાના નિર્ણયને હાઈકોર્ટની ડિવિઝન બેન્ચમાં પડકારવામા આવ્યો છે. અગાઉ હાઇકોર્ટની સિંગલ બેન્ચે સરકારે કમિટી આર્ટિકલ 162 હેઠળ સત્તાની રૂએ બનાવેલી હોવાથી કોર્ટ તે કમિટીને રદ કરી શકે નહી, એવો ચુકાદો આપ્યો હતો. એ ચુકાદાને અરજદાર અબ્દુલ વહાબ સોપારીવાલાના એડવોકેટ ઝમીર શેખે હાઇકોર્ટની સિંગલ બેન્ચ સમક્ષ પડકારતા કોર્ટે પિટિશન ગ્રાહ્ય રાખી સુનાવણી શરૂ કરી છે.

પિટિશનર વહાબ સોપારીવાલાએ રાજય સરકાર દ્વારા રચવામાં આવેલા યુનિફોર્મ સિવિલ કોડ કમિટીને ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો. તે પિટિશન હાઈકોર્ટે નામંજૂર કરી હતી અને પોતાના હુકમમાં જણાવ્યું હતું કે, રાજય સરકારે આ કમિટી આર્ટિકલ 162 હેઠળ મળેલ સત્તાની રૂએ બનાવેલી હોય તેથી કોર્ટ તે કમિટીને રદ કરી શકે નહીં. પિટિશનરે સિંગલ જજના હુકમથી નારાજ થઈ હાઈકોર્ટની ડિવિઝન બેન્ચમાં સિંગલ જજના હુકમને પડકારી પોતાની અપીલમાં જણાવ્યું છે કે, કાયદાનો કોઈ ભાગ ખાલી હોય તો તેમાં રાજય સરકાર એક્ઝિક્યુટિવ પાવર્સ યુઝ કરી શકે. પરંતુ કોઈ વિષય ઉપર કાયદો હોય તો સરકારે કાયદાનું પાલન કરવું પડે.

આ વિષય ઉપર કમિશન ઓફ ઈન્ક્વાયરી એકટ, 1952 અમલમાં છે. જેથી સરકાર કમિટી બનાવી શકે નહીં. વધુમાં પિટિશનરના વકીલ ઝમીર ઝેડ. શેખની એવી પણ દલીલ હતી કે, કમિટીમાં જે મેમ્બરો સરકાર દ્વારા મુકવામાં આવ્યા છે, તે પણ સરકારના જ માણસો છે. એ મુક્ત અને ન્યાયી રીતે ન્યાય તોળી શકે નહીં. કોઈપણ સભ્ય ક્રિશ્ચન, બૌધ્ધ, જૈન, શીખ કે મુસ્લિમ નથી કે જે પર્સનલ કાયદાના જાણકાર હોય. વધુમાં કમિટી બનાવવા માટે સરકારે કોઈ લેખીત હુકમ પણ કર્યો નથી.

સરકારનો સામાન્ય નિર્ણય હોય તે પણ લેખીતમાં હોય છે. પરંતુ યુ.સી.સી. કમિટી બનાવવાનો જે સરકારનો નિર્ણય છે તે લેખીતમાં નથી. તે પણ શંકા ઉત્પન્ન કરે છે.



# ઝંખવાવ હાઈવે સાથે જોડવા પાંચ ગામ માટે 7 કિમીનો રસ્તો

**રૂ. 3.98** કરોડના ખર્ચે રસ્તો બનીને તૈયાર થશે, માંગરોળ તાલુકાના વાંકલ-લવેટ રોડની રિસર્ફેસિં કામગીરી પ્રગતિ પર

**આ ગામોને ફાયદો થશે**

નાનીફળી, મોટીફળી, લવેટ, નાંદોલા અને ભડકુવા

સુરતઃ માંગરોળ તાલુકામાં ગ્રામ્ય માર્ગ સુવિધા સુધારણા હેઠળ વાંકલ-લવેટ રોડની રિસરફેસીંગ કામગીરી હાલમાં જોરશોરથી ચાલી રહી છે. 6.83 કિલોમીટર લંબાઈના આ રસ્તા પર કુલ રૂ. 3.98 કરોડનો ખર્ચ થવાનો છે.

ચોમાસાની વિદાય બાદ તાત્કાલિક રીતે રોડના રિસરફેસીંગની કામગીરી શરૂ કરાઈ છે, જેથી આગામી સિઝન પહેલા માર્ગ પૂરો થાય તે દિશામાં તંત્ર પ્રયત્નશીલ છે. જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાલ બનાવવામાં આવનાર આ માર્ગ દ્વારા નાનીફળી, મોટીફળી, લવેટ, નાંદોલા અને ભડકુવા જેવા પાંચ ગામો વાંકલ મારફતે કોસંબા-ઝંખવાવ સ્ટેટ હાઈવે સાથે સીધા જોડાશે.

આ માર્ગ તૈયાર થતા આશરે 10 હજારથી વધુ ગ્રામજનોને રોજિંદી અવરજવર, શિક્ષણ, આરોગ્ય અને વેપાર સંબંધિત કાર્યો માટે સુવિધા અને સમયની બચત થશે.

સુરત જિલ્લાનો વિકાસતો થયો છે પરંતુ સમતોલ વિકાસ નહીં થયો હોવાના કારણે અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારના લોકો તકલીફનો સામનો કરી રહ્યાં છે જે હવે ધીરે ધીરે દૂર થશે.

### UDISE પોર્ટલ પર માહિતી અપલોડ કરવા માટે

# DEOની અંતિમ ચેતવણી છતાં 972 શાળામાં ઉદાસીનતા

**બેદરકારી** દાખવનાર શાળાઓ સામે કાર્યવાહી કરાશેઃ જિલ્લા શિક્ષણાધિકારી

સુરતઃ સુરત જિલ્લાની શાળાઓમાં UDISE (યુનિફાઈડ ડિસ્ટ્રીક્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન) પોર્ટલ પર માહિતી અપલોડ કરવાની કામગીરી ધીમી ગતિએ ચાલી રહી છે. જિલ્લા શિક્ષણાધિકારીના અલ્ટિમેટમ પછી પણ 972 સ્કૂલે ઉદાસીનતા દાખવતા તેમને વધુ એક દિવસનો સમય આપવાની સાથે હવે તેમની સામે કાર્યવાહી કરાશે.

રાજ્ય સરકાર દ્વારા શાળાઓ માટે એકીકૃત ડેટા સિસ્ટમ તરીકે કાર્યરત આ પોર્ટલ પર ઉપલબ્ધ માહિતીના આધારે નામાંકન દર, ડ્રોપઆઉટ રેટ, શિક્ષક સંખ્યા, શાળાની સુવિધાઓ અને શૈક્ષણિક ગુણોત્તર જેવા માપદંડો નક્કી કરવામાં આવે છે. જિલ્લા શિક્ષણાધિકારીએ સપ્ટેમ્બર મહિનામાં જ તમામ શાળાઓને સ્કૂલ પ્રોફાઈલ, ફેસિલિટી મોડ્યુલ, ટીચર મોડ્યુલ અને વિદ્યાર્થીવાર માહિતી અપલોડ કરવાની સૂચના આપી હતી.

શરૂઆતમાં 30 સપ્ટેમ્બર સુધી સમયમર્યાદા નક્કી કરાયા બાદ તેને 7 ઓક્ટોબર સુધી લંબાવવામાં આવી હતી. છતાં મોટાભાગની શાળાઓએ કાર્ય પૂર્ણ કર્યું નથી. શિક્ષણ વિભાગના તાજેતરના આંકડા મુજબ સુરત જિલ્લામાં કુલ 1025 શાળા એવી હતી, જેઓએ સમયસર માહિતી અપલોડ કરી નહોતી, જેના કારણે સુરત જિલ્લો સમગ્ર રાજ્યમાં બીજા ક્રમે પાછળ રહ્યો છે.

હવે જિલ્લા શિક્ષણાધિકારીએ અંતિમ ચેતવણી આપતાં જણાવ્યું છે કે જો 12 નવેમ્બર સુધી કામગીરી પૂર્ણ નહીં થાય તો કાર્યાલય સ્તરે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. છતાં ચેતવણી બાદ પણ 972 શાળાઓએ હજી માહિતી અપલોડ કરી નથી, જેના કારણે અધિકારીએ વધુ એક દિવસનો સમય આપ્યો છે અને સાથે જ બેદરકારી દાખવનાર શાળાઓ સામે કાર્યવાહી શરૂ કરવાની તૈયારી દર્શાવી છે.

# ૨૨.૨૨ કરોડની આઈટીસી કેસમાં કામરેજના આરોપીનાં જામીન નામંજૂર

સુરતઃ ૫ બોગસ કંપની ઊભી કરી ૧૩.૨૭ કરોડની આઈટીસી મેળવી તેમજ રૂ.૨૨.૨૨ કરોડની આઈટીસી પાસઓન કરવાના કેસમાં કામરેજના આરોપી કેવીન પાઘડાળનાં જામીન સુરત કોર્ટે નકારી કાઢ્યાં હતાં. સુરત ડીજીજીઆઈએ કામરેજ-નનસાડ રોડ, કાશીબા વિલામાં રહેતા ૩૦ વર્ષીય કેવીન રમણીક પાઘડાળની ઓફિસે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ડીજીજીઆઈની તપાસમાં કેવીન પાઘડાળ અને તેના ભાઈ મિલન પાઘડાળ દ્વારા બોગસ ૫ જેટલી કંપની બનાવવામાં આવી હતી. આ બોગસ કંપનીના નામે પાઘડાળ બંધુઓએ બોગસ બિલો બનાવી રૂ.૧૩.૨૭ કરોડની આઈટીસી મેળવી હતી અને રૂ.૨૨.૨૨ કરોડની આઈટીસી પાસઓન કરી સરકાર સાથે કરોડોની છેતરપિંડી કરી હતી.

# કડોદનાં પિતા-પુત્રીના મૃતદેહ નેપાળથી મુંબઈ પહોંચ્યા

**આજે** કડોદથી બંનેની અંતિમયાત્રા નીકળશે

સુરત, બારડોલી : નેપાળમાં પર્વતારોહણ માટે ગયેલા બારડોલીનાં પિતા-પુત્રીના મોત બાદ તેમના મૃતદેહ બુધવારે નેપાળના કાઠમંડુથી વિમાન મારફતે મુંબઈ લાવવામાં આવશે. મુંબઈથી રાત્રે શબવાહીની દ્વારા સડક માર્ગે તેમના મૃતદેહ કડોદ લાવવામાં આવી રહ્યા છે. સવારે 9 વાગ્યે તેમના નિવાસ સ્થાનેથી પિતા-પુત્રીની અંતિમયાત્રા નીકળશે.

આ અંગે મળતી માહિતી અનુસાર બારડોલીના કડોદ ગામે રહેતા ટ્યુશન શિક્ષક જિગ્નેશભાઈ લલ્લુભાઈ ભંડારી અને તેમની પુત્રી પ્રિયાંશી ગત 14મી ઓક્ટોબરે નેપાળ ખાતે આવેલો અન્નપૂર્ણા-3 પર્વત સર કરવા માટે રવાના થયા હતા. જો કે, 21મીએ પર્વતની ચડાણ શરૂ કરી હતી અને 31મીએ તેઓ પરત ફરવાના હતા. બાદ તેમનો કોઈ સંપર્ક થઈ ન શકતાં શોધખોળ શરૂ કરી હતી. શોધખોળ બાદ 19 દિવસે તેમના મૃતદેહ બરફમાં દટાયેલા મળી આવ્યા હતા.

સ્થાનિક નેતાઓ અને ભારતીય દુતાવાસની મદદથી નેપાળ સરકારે બંને પિતા-પુત્રીના મૃતદેહના પોસ્ટમોર્ટમ બાદ બુધવારે કાઠમંડુ એરપોર્ટથી વિમાન મારફતે મૃતદેહ મુંબઈ રવાના કર્યા હતા. મોડી રાત્રે મૃતદેહ મુંબઈ આવતા પરિવારજનોએ મૃતદેહ મેળવ્યો હતો અને શબવાહીની માટે કડોદ આવવા નીકળી ગયા હતા. ગુરુવારે સવારે 9 વાગ્યે કડોદથી બંને પિતા-પુત્રીની એકસાથે અંતિમયાત્રા કાઢવામાં આવશે.

# કચ્છમાં પેટાળમાં ભેદી ધડાકાથી ભયનો માહોલ

ગાંધીનગર : કચ્છ જિલ્લાના નખત્રાણા આસપાસના વિસ્તારોમાં આજે બપોરે જમીનના પેટાળમાં અચાનક ભેદી ધડાકા અનુભવાતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જમીનમાં ભેદી ધડાકાઓ થતા ડરના માર્યા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા.

કચ્છના નખત્રાણા વિસ્તારની આસપાસ આજે બપોરે ધરતીના પેટાળમાંથી અચાનક ભેદી ધડાકા સંભળાતા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. સામાન્ય રીતે કચ્છમાં ધરતીકંપના આંચકાને કારણે લોકો ડરના માર્યા ઘરની બહાર દોડી આવતા હોય છે, પરંતુ આ વખતે જમીનના પેટાળમાં ભેદી ધડાકાને પગલે લોકોમાં ડરનો માહોલ સર્જાયો છે. આ ભેદી ધડાકા કેવી રીતે થઈ રહ્યા છે, અને ક્યા કારણે થઈ રહ્યા છે, તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી સામે આવી નથી. આ ઘટનાની જાણ વહીવટી તંત્રને થતા સત્તાવાળાઓએ આ ભેદી ધડાકા અંગે તપાસ શરૂ કરી છે.

# ઉધના રેલવે સ્ટોરની ચોરીમાં 8 આરોપીને ઝડપી લેવાયા

**101** કિલો કેબલ કાપીને બાળીને લોખંડ અને તાંબુ અલગ કરી દીધા હતા

સુરતઃ ઉધના રેલવે સ્ટેશનના કંટ્રોલ ટાવર પાસે આવેલા સિગ્નલ એન્ડ ટેલિકોમ સ્ટોરમાંથી રેલવેની કેબલ, મોટર સહિતની અનેક સામગ્રીની ચોરીનો ભેદ ઉકેલાયો છે. ઉધના રેલવે પ્રોટેક્શન ફોર્સ 9 નવેમ્બરે ઉધના રેલવે સ્ટેશનના કંટ્રોલ ટાવર પાસેના સ્ટોરમાંથી રેલવેની કેબલ, મોટર તેમજ અન્ય સામગ્રીની ચોરી થઈ હતી. ઉધના આરપીએફએ ઉધના વિસ્તારના સીસીટીવી ફૂટેજની તપાસ કરી રિક્ષાચાલકની સંડોવણી શોધી કાઢી હતી. તેની ઓળખ પ્રવીણ ભીમરાવ સકટ (ઉં.વ.22, રહે., નવાગામ, ગાયત્રીનગર) તરીકે થઈ હતી. પ્રવીણે પૂછપરછમાં કબૂલ્યું કે, તે પોતાના સાથી અશોક દિલીપ લોંઢે, પૂજા અશોક લોંઢે તથા અન્ય બે વ્યક્તિઓ સાથે ઓટોરિક્ષામાં ઉધના સ્ટેશનના સિગ્નલ એન્ડ ટેલિકોમ વિભાગના સ્ટોરરૂમ પહોંચ્યો હતો અને રેલવે સંપત્તિની ચોરી કરી નાસી છૂટ્યો હતો. તપાસ અધિકારીએ રેલવે સામગ્રી ખરીદનાર અમરોલી છાપરાભાઠા આમ્રકુંજ સોસાયટીના રહેવાસી સુખદેવ ગોકુલ પાટીલ (ઉં.વ.46)ના સ્થળે પહોંચી તલાશી લીધી હતી. ત્યાંથી ચોરીની રેલવે સામગ્રી ઝડપાઈ પાડવામાં આવી, જેમાં લોખંડ-તાંબાની કેબલ (લગભગ 101 કિલો), તાંબાની કેબલ (લગભગ 21 કિલો), 2 મોટર (લગભગ 57 કિલો) તથા મોટરની તાંબાની વાયર (લગભગ 6 કિલો)નો સમાવેશ થાય છે. સુખદેવે કેબલ કાપીને બાળીને લોખંડ અને તાંબુ અલગ કરવાની કબૂલાત કરી છ.

# સચિન હોજીવાલા સુધી સિટી બસ સેવાનો પ્રારંભ થશે

**ધારાસભ્ય** સંદીપ દેસાઈની રજૂઆતને પગલે એક લાખ કામદારોને બસ સેવાનો લાભ મળશે



સુરત : ધારાભ્ય સંદીપ દેસાઈના પ્રયાસોને પગલે સચિન જીઆઈડીસી પછી હવે હોજીવાળા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં અવરજવર કરતા એક લાખ કારીગરો માટે પાલિકાની સિટી બસ સેવા શરૂ થશે.

હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સચિન દ્વારા ધારાસભ્યને કરવામાં આવેલી રજૂઆતને પગલે દેસાઈએ મેયર, સ્થાયી ચેરમેન, સુરત મહાનગરપાલિકાના જાહેર પરિવહન સમિતિના અધ્યક્ષ સોમનાથ મરાઠે અને મ્યુનિસિપલ કમિશનરને દરખાસ્ત મોકલી હતી. સુરત મહાનગરપાલિકામાં પદાધિકારીઓ તમેજ કોર્પોરેટરો, અને અધિકારીઓ સાથે સંકલન કરી જાતેજ રૂટ વિઝિટ અને સમીક્ષા ટૂંકા સમયગાળામાં સુરત મહાનગરપાલિકાની સિટિલિંક બસ સેવાનો નવો રૂટ મંજૂર કરાવવામાં આવ્યો છે.

આ દરખાસ્ત મંજૂર થતાં શુક્રવારથી આ સિટી બસ સેવાનો વિધિવત પ્રારંભ થશે. તા.૧૪/૧૧/૨૦૨૫, શુક્રવાર સમય - સવારે ૧૦:૦૦ કલાકે - રોડ નંબર - ૧૦, હોજીવાલા મંડળી ઓફિસ, પાણી ટાંકી, જંક્શન, (હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલ), સચિન, સુરત ખાતે લોકાર્પણ સમારોહ યોજાશે. ધારાસભ્ય સંદીપ દેસાઈ અને સુરત મહાનગરપાલિકાના જાહેર પરિવહન સમિતિના અધ્યક્ષ સોમનાથ મરાઠેના વરદ હસ્તે આ બસ સેવાનો પ્રારંભ થશે. અત્યારે સુરત રેલવે સ્ટેશન અને ઉધના દરવાજાથી સચિન જીઆઈડીસી સુધી સિટી બસ સેવા ચાલી રહી છે. જેને સચિન જીએસીડીસીથી હોજીવાળા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ સુધી લંબાવવામાં આવી છે. આ નિર્ણયથી હોજીવાળા ઈન્ડ.માં 1250 મોટી ફેક્ટરી અને કુલ 1300 એકમોમાં કામ કરતા એક લાખ કારીગરોને ડાયરેક્ટ સિટી બસ સેવાનો લાભ મળશે. હોજીવાળા એસ્ટેટમાં ટેક્સટાઈલ વિવિંગ, સ્પિનિંગ, પ્રોસેસિંગ મિલો, એમ્બ્રોઈડરી, ફૂટવેર, એન્જિનિયરિંગ, હાઈસ્પીડ લૂમ્સમાં એક લાખ કારીગરો કામ કરે છે. આ કારીગરો સચિન જીઆઈડીસી સુધી બસમાં આવી શટલ ઓટો રિક્ષામાં હોજીવાળા પહોંચતા હતા. એમાં ખર્ચ વધુ આવતો હતો. એ નિર્ણયથી નજીકના ગામો અને હોજીવાળા એસ્ટેટ સામે બકરા મંડીમાં અવર જવર કરતા હજારો લોકોને રાહત થશે.

## અમદાવાદ એડવર્ટાઈઝિંગ વેલફેર સર્કલ એસો. દ્વારા મીડિયા એવોર્ડ્સનું આયોજન

અમદાવાદઃ જેની 1991માં સ્થાપના કરવામાં આવી હતી તેવી અમદાવાદ એડવર્ટાઈઝિંગ વેલફેર સર્કલ એસો.ના 35 વર્ષ પુરાં થતાં આ પ્રસંગે "ફેસ્ટિવલ ઓફ એડવર્ટાઈઝિંગ અને એએસીએ મીડિયા એવોર્ડસ ૨૦૨૬"નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવમાં પાંચ વિશિષ્ટ ઈવેન્ટ્સ, ક્રિએટિવ સ્પાર્ક - યુનિવર્સિટી સ્ટુડન્ટસ માટે ક્રિએટિવ કોમ્પિટિશન, સાહિત્ય અને સંચારનું કલા-સંગમ, લેજન્ડ ટોક શો - રાષ્ટ્રીય સ્તરના એડવર્ટાઈઝીંગ નિષ્ણાતો સાથેની ઈન્ટરેક્ટિવ ચર્ચા, એએસીએ મીડિયા એવોર્ડસ ૨૦૨૬ જેમાં પ્રિન્ટ, રેડિયો, ટેલિવિઝન સિનેમા, આઉટડોર અને ડિજિટલ મીડિયામાં સર્જનાત્મક ઉત્કૃષ્ટતાનો સન્માન સમારોહ અને નૅશનલ કૉફી ટેબલ બુક - ગુજરાતની સર્જનાત્મક સિદ્ધિઓનું ડૉક્યુમેન્ટેશન થશે. આમાં ભાગ લેવા માટે નીપા શુકલાનો સંપર્ક કરવા માટે જણાવાયું છે.

# ઉધના-બ્રહ્મપુર અમૃત ભારત સપ્તાહમાં 3 દિવસ દોડશે

સુરતઃ રેલવે મંત્રાલયે ઉધના-બ્રહ્મપુર અમૃત ભારત એક્સપ્રેસની આવર્તન (ફ્રિક્વન્સી) વધારવાની મંજૂરી આપી છે. હવે આ ટ્રેન અઠવાડિયામાં એક નહીં પરંતુ ત્રણ દિવસ દોડશે. ટ્રેન નં.19021 ઉધના-બ્રહ્મપુર અમૃત ભારત એક્સપ્રેસ હવે દર રવિવાર, બુધવાર અને શુક્રવારે દોડશે. જ્યારે ટ્રેન નં.19022 બ્રહ્મપુર-ઉધના અમૃત ભારત એક્સપ્રેસ દર સોમવાર, ગુરુવાર અને શનિવારે પરત આવશે. અગાઉ આ સેવા માત્ર અઠવાડિયામાં એક જ વાર રવિવારે (ઉધનાથી) અને સોમવારે (બ્રહ્મપુરથી) ચાલતી હતી. 27 સપ્ટેમ્બરે ઉધના રેલવે સ્ટેશન પરથી આ અમૃત ભારત એક્સપ્રેસનું ઉદઘાટન થયું હતું, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓડિશાથી વર્ચ્યુઅલી ટ્રેનને હરી ઝંડી બતાવી હતી. જ્યારે ઉધના સ્ટેશન પર રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ અને સી.આર.પાટીલ ઉપસ્થિત રહ્યા હતા.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### સાયખાની કંપનીમાં...

પ્રચંડ ધડાકાને કારણે ત્રણ મૃતદેહ મળી આવ્યા છે. ત્રણ મૃતક પૈકીના મનીષકુમાર, ધર્મેન્દ્ર અને સૂરજનો સમાવેશ થાય છે. ઉપરાંત 24 જેટલા કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા છે, જેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બ્લાસ્ટની તીવ્રતા એટલી ભયાનક હતી કે, આસપાસનો આખો વિસ્તાર ધણધણી ઊઠ્યો હતો. બ્લાસ્ટની અસર માત્ર વિશાલ ફાર્મા કંપની પૂરતી મર્યાદિત ન રહેતાં આસપાસની 4થી 5 જેટલી અન્ય કંપનીઓના સ્ટ્રક્ચર્સને પણ વ્યાપક નુકસાન થયું છે. ઘટનાની જાણ થતાં જ ચારથી પાંચ જેટલા ફાયર ટેન્ડરો સાથે ફાયર વિભાગ અને વહીવટી અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. હાલમાં પણ ઘટના સ્થળે બચાવ અને રાહતની કામગીરી ચાલી રહી છે.

### 'તંત્ર કોઈ...

છતાં GPCB કે વહીવટી તંત્ર દ્વારા કોઈ જ ધ્યાન આપવામાં આવતું નથી. વધુમાં GIDCની મોટા ભાગની કંપનીઓમાં નિયમોનું ઉલ્લંઘન કરીને રેસિડેન્સીયલ બાંધકામ કરવામાં આવ્યું છે. જો તેમનું ચાલશે તો તંત્ર દ્વારા કોઈ પગલાં નહીં લે. પણ આ મુદ્દે અમે ઉગ્ર આંદોલન કરીશું. આ મુદ્દે તળિયાઝાટક તપાસની માંગ પણ કરી છે.

### RFO પર...

ઓફિસર તરીકે ફરજ બજાવતાં સોનલબેન અરવિંદભાઈ સોલંકી ચાર વર્ષના પુત્રને લઈ સ્કૂલે મૂકવા માટે સવારે ઘરેથી જોખા-વાવ રોડ પરથી જઈ રહ્યા હતા. ત્યારે વાવ ગામની હદમાં કારમાં સવાર મહિલા ફોરેસ્ટરને માથાના ભાગે ગોળી મારી દેવાની ઘટનાથી સુરત જિલ્લા પોલીસ દોડતી થઈ હતી. આ ગુનામાં ફોરેસ્ટર સોનલબેનના પતિ એવા આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર નિકુંજ કાંતિગીરી ગૌસ્વામી (હાલ રહે.,401, વિજયાલક્ષ્મી હિલ્સ, કવિ કલાપી ગાર્ડનની બાજુમાં, અડાજણ, મૂળ રહે.,મહેસાણા)એ જ ફાયરિંગ કરાવ્યું હોવાની ફરિયાદ નોંધાવી હતી, જેમાં સુરત જિલ્લા પોલીસે અલગ અલગ સાત ટીમ બનાવી અલગ અલગ રાજ્યોમાં તપાસ રહી હતી. બુધવારે નિકુંજ ગૌસ્વામી સામે કામરેજ પોલીસ મથકમાં પત્ની સોનલબેનની વેગન કારમાં જીપીએસ ટ્રેકર લગાવવાના ગુનામાં હાજર થવા માટે કોર્ટમાં અરજી કરવામા આવી હતી. જે અરજી કોર્ટે નામંજૂર કરતાં કોર્ટની બહારથી કામરેજ ડિવિઝનના ડીવાયએસપી આર.આર.સરવૈયા, એલ.સી.બી. પી.આઈ. રાજેશ ભટોળ સ્ટાફ સાથે પહોંચી જઈ નિકુંજ ગૌસ્વામીને પકડી લીધો હતો. થોડીવારમાં જ તેનો મિત્ર ઈશ્વરપુરી માગુપુરી ગૌસ્વામી (હાલ રહે.,112, શિવમ સોસાયટી, સચિન, મૂળ રહે.,ચતરપુરા, જિ.રાજસંમદ, રાજસ્થાન)ની ધરપકડ કરી હતી. બંને પોલીસે પ્રાથમિક પૂછપરછ કરતાં નિકુંજ ગૌસ્વામીના કહેવાથી મિત્ર ઈશ્વરપુરીએ મહિલા ફોરેસ્ટ ઓફિસર સોનલ સોલંકી પર ફાયરિંગ કર્યું હતું. આ બનાવના દિવસે નિકુંજ પોતે સુરતમાં હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. પોલીસે બંને આરોપીનું મેડિકલ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### બિનવારસી સુટકેસ...

એક કાળા કલરની સુટકેસ મળી આવતા પોલીસ તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. પોલીસે સમગ્ર વિસ્તાર કોર્ડન કરી બોમ્બ સ્કવોડની મદદથી તપાસ કરતાં સુટકેસમાંથી ખાલી સ્વસ્તિકનું નિશાન અને વકીલનો વિઝીટીંગ કાર્ડ મળી આવ્યુ હતુ.

બુધવારે સવારે આશરે 11 વાગ્યાના અરસામાં કંટ્રોલ રૂમને કોલ મળ્યો કે પાલનપુર પાટિયા ગણેશ મંદિર સામેના સિગ્નલ પાસે એક શંકાસ્પદ સુટકેસ લાંબા સમયથી બિનવારસી હાલતમાં પડેલી છે. જેથી પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયો હતો. સ્થિતિને કાબૂમાં લેવા વિસ્તારને કોર્ડન કરવામાં આવ્યો અને આસપાસની દુકાનો તથા ટ્રાફિક તાત્કાલિક બંધ કરાયો. સાથે જ બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS) અને સ્નિફર ડોગ સ્ક્વોડને બોલાવવામાં આવી હતી. ટીમે તકેદારીપૂર્વક સ્થળની તપાસ શરૂ કરી અને સુટકેસને અવાવરુ જગ્યાએ ખસેડી સ્કેન કર્યા બાદ ખોલવાની કાર્યવાહી હાથ ધરી હતી. સુટકેશ ખોલવામાં આવી ત્યારે તેમાં કોઈ વિસ્ફોટક કે શંકાસ્પદ સામગ્રી મળી નહીં.

**શંકાસ્પદ બેગ મૂકનાર સીસીટીવીમાં કેદ**

બેગ મળ્યા બાદ પોલીસે જુદા જુદા કેમેરાઓની તપાસ કરી હતી. ફૂટેજમાં રાત્રે આશરે 1 વાગ્યે કચરો વીણતો એક વ્યક્તિ બેગ મૂકી જતો દેખાયો છે. પોલીસએ વ્યક્તિની ઓળખ કરવા પ્રયત્નો શરુ કર્યા છે અને તેની પાછળનો હેતુ શું હતો તે અંગે વિવિધ એંગલ પરથી તપાસ શરૂ કરી છે. અધિકારીઓએ જણાવ્યું કે જો આ કૃત્ય ડર ફેલાવવાનો કે ટીખળખોરી કરવાનો પ્રયત્ન હશે તો સંબંધિત વ્યક્તિને કોઈ રીતે છોડવામાં નહીં આવે. હાલ પોલીસ ટીમ બેગ મુકનાર વ્યક્તિના હુલિયાના આધારે આસપાસના વિસ્તારોમાં તપાસ શરૂ કરી છે.

### પાર્ટી ફંડના...

957 કરોડની આવકની દ્દષ્ટિએ ટોપ ઉપર છે.ન્યૂ ઈન્ડિયા યુનાઈટેડ પાર્ટી પાસે 608 કરોડનું , સત્યવાદી રક્ષક પાર્ટી પાસે 416 કરોડનું , સૌરાષ્ટ્ર જનતા પક્ષનું 200 કરોડનું અને જન મન પાર્ટીનું 134 કરોડનું રાજકીય ફંડ હતું.

### 'ઓપરેશન શુદ્ધિ'...

થઈ રહી છે. જ્યાં પણ લગ્ન કે મોટા પ્રસંગોમાં ભોજનની વ્યવસ્થા હશે, ત્યાં SOGની ટીમ અચાનક જ પહોંચી ફૂડ સેમ્પલ લેશે. જો આ સેમ્પલ્સ તપાસમાં નકલી કે ભેળસેળયુક્ત સાબિત થશે, તો સંચાલકો વિરુદ્ધ NDPS સમાન કડક પગલાં ભરાશે.DCP નકુમે સ્પષ્ટ કહ્યું છે, "જેને સુધરવું હોય તે સુધરી જાય. રસોડામાં જે નકલી ચીજ છે તેનો નાશ કરી નાંખો. આવનારા દિવસોમાં જે કોઈ ભેળસેળ કરતો મળી આવશે, તેના પર કાયદાની સંપૂર્ણ કડકાઈથી કાર્યવાહી થશે."તેમણે ઉમેર્યું કે સુરત પોલીસની ટીમ હવે મીડિયા સાથે લાઈવ રેડ પણ કરી શકે છે. ઉદ્દેશ સ્પષ્ટ છે સુરતીઓના સ્વાસ્થ્ય સાથે કોઈને રમવા નહીં દેવામાં આવે.

### ટેરર ફન્ડિંગ...

હોવાની માહિતી પણ ચર્ચા રહી છે. ગેરકાયદે રીતે સરહદી જિલ્લાના સરહદી વિસ્તારમાં બાંગ્લાદેશીઓ ટેરર ફંડિંગ માટે આવ્યા હોય તેની તપાસ થઈ રહી છે એવી ચર્ચા પણ ચાલી રહી છે.

# નર્સિંગ-મેડિકલ કોલેજમાં બેઝિક કોર્સ શરૂ થશે

**આ કોર્સ શરૂ કરાશે**

» ક્રીટીકલ કેર » ઈમરજન્સી - ડિઝાસ્ટર નીઓન્ટલ » ઓર્થો અને રીહેબીલેશન » બર્ન-રીકન્સ્ટ્રક્ટીવ » કાર્ડીઓલોજી » ઓનકોલોજી » સાઈકીઆટ્રિક

ગાંધીનગર : રાજ્ય સરકાર દ્વારા નિશ્ચિત રોગની સારવાર માટે એક વર્ષનો વિશેષ નર્સિંગ કોર્સ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં વિવિધ વિષયના કુલ આઠ જુદા જુદા રેસિડેન્સિયલ પોસ્ટ બેઝિક ડિપ્લોમા કોર્સનો સમાવેશ થાય છે. આ કોર્સમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થી જે તે સંસ્થાની વેબસાઈટ પર તા. ૨૧ નવેમ્બર ૨૦૨૫ સુધી અરજી કરી શકશે. માર્ગદર્શિકા પ્રમાણે જે તે નર્સિંગ કોલેજ - મેડિકલ કોલેજ દ્વારા એડમિશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ નર્સિંગ વિષયના કુલ આઠ કોર્સમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત સેવાઓના ધ્યેયને વધુ મજબૂત બનાવી શકાય.